

# ગાંધીઘર કછોલી



## गांधीघर कछोली


**ગાંધી વિચારધારા પ્રચાર, બધિર ઉત્કર્ષ અને અન્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓનું સામયિક**

**તંત્રી : ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ**

**વર્ષ : ૨૭ મું** • **ઓક્ટોબર – ૨૦૧૭** • **અંક : ૧૬૫ થી ૧૭૦**

वर्ष : २७ वां • अक्तुबर – २०१७ • अंक : १६५ से १७०



મુ.પો. કછોલી- ૩૯૬ ૩૭૦, રે. સ્ટે. અમલસાડ (પ.રે.) તા. ગણદેવી, જિ. નવસારી (ગુજરાત).
ફોન : (૦૨૬૩૪) ૨૭૦૭૫૯, ૨૭૨૨૫૯, ટેલીફેક્ષ : (૦૨૬૩૪) ૨૭૦૫૫૯.
E-Mail : gandhigharkachholi@gmail.com Our Website : www.gandhigharkachholi.com




**સંસ્થાના આદ્યસ્થાપક કર્મયોગી સ્વ. કીકુભાઈ નાયક**

## નૂતન વર્ષાભિનંદન

**આગામી નૂતનવર્ષ આપણા સૌના
આંતરદીપમાં સમૃધ્ધ ઊર્જા ભરે એવી શુભેચ્છા !
આપ સૌને તન, મન, ધનથી પરમકૃપાળુ સમૃધ્ધ રાખે
અને દિવ્યાંગો પ્રત્યેની સહાનુભૂતિમાં
નિરંતર વૃધ્ધિ કરે એવી પ્રાર્થના.
આ દિવાળી પછી બધિર કન્યાઓ માટે આધુનિક મોકળાશવાળું
નવું બધિર કન્યા સંકુલ પૂર્ણતા ને આરે છે. અમે આપની ઉદારતા અને સહૃદયતા થકી
સમાજને બોજારૂપ બાળકોને ઉપયોગી ઊર્જાવાન બનાવી રહ્યા છીએ. એ કાર્ય આપસમા
દિલાવર દાતા થકી જ તેજી આણશે અને પૂર્ણતા પામશે. એવી શ્રધ્ધા સહ....**

**લિ.
અમો છીએ.
આપના**



| બળવંતરાય નાયક | અનિલભાઈ નાયક | ઈશ્વરચંદ્ર દેસાઈ | મનોજકુમાર નાયક |
|---|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | સંચાલક |

**તથા ટ્રસ્ટી મંડળ – ગાંધીઘર કછોલી**

**દિવ્યાંગ વ્યકિતને પણ સ્વમાનભેર જીવવાનો અધિકાર છે,
એમના આ અધિકારનું જતન અને સન્માન આપણી ફરજ.**

# ગાંધીઘર કછોલી ખાતે પ. પૂ. સંતશ્રી મોરારીબાપુ તા. ૨૧/૧/૨૦૧૭ ના રોજ પધાર્યા





ગાંધીઘર કછોલી સંસ્થાના સ્થાપક, સંવર્ધક, સંરક્ષક, પ્રેરક અને પ્રોત્સાહક એવા. સ્વ. કીકુભાઈ ગુલાબભાઈ નાયક ના સ્મારક આગળ વંદન કરી બધિર બાળકોને એમના આશીર્વાદ આપ્યા અને ગાંધીઘર કછોલીની ૧૯૯૭ ની રામકથા ને યાદ કરી પોતાના સંસ્મરણો અને સ્વ. કીકુભાઈ નાયકની વાતચિતો તાજી કરી અને સમગ્ર ગાંધીઘર કછોલી પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી.

➤ ગાંધીઘર કછોલી સંસ્થાના બધિર કુમાર, કન્યાશાળા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૧૬ માં અનેરી સિધ્ધિ હાંસલ કરી ગાંધીઘર કછોલી સંચાલિત બળવંતરાય અને ઈન્દુબેન નાયક બહેરાં મુંગાની શાળા અને ગ.કી.નાયક બધિર કન્યા વિદ્યાલયના દિવ્યાંગ વિદ્યાર્થીઓનો ખેલ મહાકુંભ ૨૦૧૬ નો ઓલ ગુજરાત સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધી ડેફ અમદાવાદ સ્ટેટ એપેક્ષ બોડી ફેડરેશનનાં સંયુકત ઉપક્રમે તા. ૨૭/૧૧/૨૦૧૬ થી ૨૯/૧૧/૨૦૧૬ દરમ્યાન આંબાવાડી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે યોજાયો. ગુજરાત રાજયમાંથી ૧૨ જીલ્લાઓની દિવ્યાંગ શાળાના ૨૩૮૦ જેટલા દિવ્યાંગ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં દેશભર અને વિદેશમાં જેમની નામના છે એવી ગાંધીઘર કછોલી સંસ્થાના કુમાર, કન્યા શાળાના ૭૬ વિદ્યાર્થીઓ દ્વારા આંબાવાડી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે ઉત્કૃષ્ટ દેખાવ કરતાં પ્રથમ ૧૦, દ્વિતીય ૧૪ અને તૃતીય ૨૪ મેડલ મળી કુલ ૪૮ મેડલ પ્રાપ્ત કરેલ છે. અને વોલીબોલમાં ૧૬ વર્ષની અંદરની દિવ્યાંગ કન્યાઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

ઉપરોકત વિવિધ સ્પર્ધાઓ માટે શાળાના શિક્ષકગણ, ઈ.આચાર્યા તરુણીબેન મહેતા, હંસાબેન, જાગૃતિબેન, રશ્મિકાબેન, બબીતાબેન, દક્ષાબેન, સુમનભાઈ, હેમંતભાઈ, જગતસિંહ, મયંકભાઈ, મિલનભાઈ એ સ્થળપર હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરોકત સિધ્ધિ બદલ સંસ્થાના પ્રમુખશ્રી બળવંતરાય નાયક, ઉપપ્રમુખશ્રી અનિલભાઈ નાયક, મંત્રીશ્રી ઈશ્વચંદ્ર દેસાઈ, સંચાલકશ્રી મનોજકુમાર નાયક તથા બન્ને શાળાના આચાર્ય તથા સંસ્થા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વ. કીકુભાઈ નાયકની ૧૨મી પુણ્યતિથિએ સમાજ સેવકોનું અભિવાદન તા. ૬/૪/૨૦૧૭



ગાંધીઘર કછોલીના આદ્યસ્થાપક સંવર્ધક સ્વ. કીકુભાઈ નાયકની ૧૨મી પુણ્યતિથિએ શ્રી વસંતભાઈ શાહ, શ્રી સુદર્શન આયંગર, નિરંજનાબેન કલાર્થી, શ્રી ગફુરભાઈ બીલખીયા, શ્રી બળવંતરાય નાયક તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં સ્વ. કીકુભાઈ નાયકના સ્મારક આગળ દીપ પ્રગટાવી સ્વર્ગસ્થને સ્મરણાંજલિ અર્પી હતી.

ગ.કી. નાયક બધિર કન્યા વિદ્યાલયની કન્યાઓની પ્રાર્થના તથા સ્વાગતગીતથી સમારંભનો આરંભ થયો. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ નાયકે સૌને આવકાર્યા તથા મહેમાનોનો પરિચય કરાવ્યો.

શ્રી કી. ગુ. નાયક ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી ડૉ. અબ્બાસઅલી કે. તાઈએ ટ્રસ્ટની પ્રવૃત્તિની ઝાંખી કરાવી. કી.ગુ.નાયક ટ્રસ્ટના ભૂતપૂર્વ ઉપપ્રમુખ ડૉ. ઈશ્વરચંદ્ર અને શ્રીમતી ઈલાબેન ઈશ્વરચંદ્ર દેસાઈનું મહેમાનોના હસ્તે અભિવાદન થયું હતું આ પ્રસંગમાં સ્વસ્થ સમાજ ક્ષેત્ર ગુજરાત રાજ્ય સમર્પિત શ્રેષ્ઠી પાલનપુરના શ્રી વસંતભાઈ મથુરદાસ શાહ ને રોકડ પુરસ્કાર, શાલ તથા મોમેન્ટો અને સન્માનપત્ર સહ મુખ્ય મહેમાન શ્રી સુદર્શનભાઈ આયંગરના હસ્તે અભિવાદન થયું હતું.



બધિર કલ્યાણ ક્ષેત્રે ગુજરાત રાજ્ય સમર્પિત શ્રેષ્ઠી શ્રી નિગમભાઈ ભુપેન્દ્રભાઈ પંડયાનું રોકડ પુરસ્કાર, શાલ તથા મોમેન્ટો અને સન્માનપત્ર સહ નિરંજનાબેન કલાર્થીના હસ્તે અભિવાદન થયું હતું. આ ઉપરાંત મહિલા અને બાળકલ્યાણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શ્રીમતી જશુબેન બી. પટેલ, શ્રીમતી લક્ષ્મીબેન આયંગર તથા શ્રીમતી અંજુબેન વસાવા નું પણ અભિવાદન થયું હતું. આ પ્રસંગે ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈએ લાગણીવશ થઈ સ્વ. કીકુભાઈ નાયક સાથેના સંસ્મરણો વાગોળ્યા અને શ્રધ્ધાંજલિ અર્પી અને આભારની લાગણી વ્યકત કરી હતી. શ્રી વસંતભાઈ તથા નિગમભાઈએ પ્રતિભાવ આપતાં ગાંધીઘર કછોલીની સમાજ ઉત્કર્ષની કામગીરીને બિરદાવી સંચાલકો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

ગાંધીવાદી અને સ્વ. કીકુભાઈ નાયકના સાથી મિત્ર શ્રી ગફુરભાઈ બીલખીયાના પ્રાસંગિક ઉદ્બોધનમાં ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં સ્વ. કીકુભાઈ નાયકે પોતાનું પુરું આયખું સમર્પિત કરી દીધું તે સૌ માટે પ્રેરણાત્મક છે. યુવાનો ગાંધી વિચાર તરફ વળે અને ગાંધીવિચાર પૃથ્વીના અસ્તિત્વ સુધી રહે. એવી શુભેચ્છા વ્યકત કરી હતી.

ગુજરાત વિદ્યાપીઠનાં માજી કુલપતિ શ્રી સુદર્શન આયંગરે દુઃખ વ્યકત કરતાં જણાવ્યું કે આપણે આવી સંસ્થાઓમાં યુવાનોને જોતરી શકયા નથી. સારા કાર્ય માટે કદીયે પૈસાની ખોટ પડી નથી. દાતાઓ દાન આપેજ છે દિવ્યાંગોને એવા શકિતશાળી બનાવીએ કે જેથી પોતાની રોજીરોટી મેળવી શકે. વધારે મજબુત થઈ આપણે મૂલ્યનિષ્ઠ

સમાજ નિર્માણ માટે સૌ સાથે મળીને લાગી પડવા અનુરોધ કર્યો હતો.

અતિથિ વિશેષ પદેથી નિરંજનાબેન કલાર્થીએ, કીકુકાકા અને એમના પિતાશ્રી ઉત્તમચંદ શાહ બંધુ જોડી ગાંધી પ્રવૃત્તિમાં જોડાઈ ગયેલા. તેમના ગયા પછી પણ ગાંધી વિચારને સ્વીકારી સંસ્થાને આગળ વધારી રહ્યા છો એ સૌ ધન્યવાદને પાત્ર છે. કીકુભાઈ ગયા નથી પણ આપણા દ્વારા જીવંત છે ! નવી પેઢીને ગાંધી વિચારને પંથે નીકળી પડવા હાકલ કરી વધતી ઉમર સાથે વિચારો યુવાન રાખવા અનુરોધકર્યો કાર્યક્રમનું સંચાલન જગદીશભાઈ ચાવડાએ કર્યું. અને મુકબધિર બાલિકાઓ દ્વારા સુંદર બાળગીત રજુ કરી સૌને આશ્ચર્યમાં ગરકાવ કર્યા હતા સંસ્થા સંચાલક શ્રી મનોજકુમારે આભારવિધિ કરી હતી. બધિરોની સાઈન લેંગવેજમાં રાષ્ટ્રગીત ગવાયું.

➤ <u>વિશ્વયોગદિન ૨૧ જુન ૨૦૧૭</u> ના દિને ગાંધીઘર કછોલી સંસ્થા ખાતે સમગ્ર શાળા પરિવારે અને ગામના આગેવાનો અને યોગવિદ્યાભ્યાસી દ્વારા બાળકોને યોગ પ્રાણાયામ કરાવ્યા અને યોગની સમજ આપી.

➤ ગાંધીઘર કછોલી સંચાલિત બધિર કુમાર અને ગ. કી. નાયક બધિર કન્યા વિદ્યાલય દ્વારા માર્ચ ૨૦૧૭ માં ધોરણ દસ (૧૦) ની પરીક્ષાનું પરિણામ બન્ને શાળામાં ૫૦%, ૫૦% ટકા આવ્યું હતું અને પૂરક પરીક્ષા નું પરિણામ ૬૦% ટકા આવ્યું. વર્ષ ૨૦૧૭ના પ્રથમ સત્રમાં ધોરણ ૧૧ના સામાન્ય પ્રવાહનો પ્રથમ વર્ગની મંજુરી મળતાં, ગાંધીઘર કછોલી સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શાળા (મિશ્ર શાળા ફકત બધિરો માટે) માં કુમાર – ૧૮ અને કન્યા – ૧૦ એમ કુલ ૨૮ ની સંખ્યા સાથે શરૂ કરતાં બધિર બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અને વાલીઓએ પણ સંસ્થાનો આભાર વ્યકત કર્યા હતો.

## ગાંધીઘર કછોલી સંચાલિત બ. અને ઈ. નાયક બહેરાં મુંગાની શાળા અને ગ. કી. નાયક બધિર કન્યા વિદ્યાલય કછોલીમાં જુન ૨૦૧૭ માં નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થી ઓનો પ્રવેશોત્સવ અને નિવૃત્ત થતા કર્મચારીનો વિદાય સભારંભ અને ૫૬ મા શાળા સ્થાપના દિનની ઉજવણી તા. ૨/૭/૨૦૧૭ ના રોજ યોજાઈ.







કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ભજનથી કરવામાં આવી. મુખ્ય મહેમાન તરીકે જીલ્લા બાળ સુરક્ષા એકમના અધિકારી શ્રીમતી હેમલતાબેન જી. ગંજી – નવસારી, શ્રી પ્રિતેશભાઈ, અતિથિવિશેષ શ્રી સતીષભાઈ અને રમાબેન એસ. મહેતા અને સ્કુલ ગણવેશના દાતા શ્રી બાબુભાઈ આર. પટેલ – સોલધરાની ઉપસ્થિતિમાં દિપપ્રાગટય કરવામાં આવ્યું.

સ્વાગત અને પ્રાસંગિક ઉદ્‌બોધન સંચાલક શ્રી મનોજકુમાર દ્વારા કરવામાં આવ્યું. શ્રીમતી તરૂણીબેને પધારેલ મહેમાનું સ્વાગત કર્યું. નવા પ્રવેશ લીધેલ કુમાર–૧૨ અને કન્યા–૧૧ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અને યુનિફોર્મનું મહેમાનો દ્વારા અર્પણ કરી પ્રવેશોત્સવ ઉજવાયો.

નિવૃત્ત થતા કર્મચારી શ્રી રમેશભાઈ ડી. પટેલ કુમારછાત્રાલયના એટેન્ડન્ટને સન્માનપત્ર શ્રીફળ અને શાલ ઓઢાડી સન્માનિત કર્યા. કન્યાછાત્રાલય રસોડા વિભાગના મદદનીશ રસોયા શ્રી બલ્લુભાઈ એસ. ચૌધરી ને પણ સન્માનિત કર્યા.

બધિર કુમાર–કન્યાઓ દ્વારા જાતે તૈયાર કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત સૌ મહેમાનોને ભાવવિભોર કર્યા. યુનિફોર્મના દાતાશ્રી ભરતભાઈ બી. પટેલ સોલધરા હાલ U.S.A. ના પિતાશ્રી બાલુભાઈ આર. પટેલ તથા માતૃશ્રી ગંગાબેન બી. પટેલ તથા શ્રી જયંતિભાઈ અને હિતેશભાઈ ના વરદ હસ્તે અર્પણ કર્યા.

મહેમાનો ના પ્રતિભાવમાં જણાવ્યું કે અગાઉની વિપરીત આર્થિક પરિસ્થિતિમાં પણ શ્રી કીકુભાઈએ સેવા યજ્ઞ પ્રજ્વલિત રાખ્યો જે ખૂબ પ્રશંસાને પાત્ર છે. બાળ સુરક્ષા એકમના અધિકારી શ્રીમતી હેમલતાબેન ગંજી એ જણાવ્યું કે આવા દિવ્યાંગ બાળકો જોડે કાર્ય કરવાની આપને તક મળી છે જે માટે તમે ધન્યવાદને પાત્ર છો. આભારવિધિ માધ્યમિક શાળાના આચાર્ય શ્રીમતી હેતલબેન નાયકે કરી હતી. સાઈન લેંગવેજ દ્વારા રાષ્ટ્રગાન ગવાયા બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

➤ **ગ.કી. નાયક બધિર કન્યા વિદ્યાલય કછોલી દ્વારા અલુણાવ્રત** નિમિત્તે મહેંદી અને ફેશગુંફન સ્પર્ધા યોજાઈ જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી રમાબેન એસ. મહેતા અને સતીષભાઈ ડી. મહેતા ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. અને સંસ્થા તરફથી વિજેતા બાળાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

➤ **ગાંધીઘર કછોલી ખાતે રક્ષાબંધન (બળેવ) નો કાર્યક્રમ** યંગસ્ટાર ઓફ નવસારી અને લાયન્સ કલ્બ ઓફ આંતલિયાના સંયુકત ઉપક્રમે તમામ બધિર કુમાર, કન્યા ઓની હાજરીમાં યોજાયો. દરેક વિદ્યાર્થીની ઓએ બધિર કુમારોને રક્ષા બાંધી સાથે સાથે કન્યા સંસ્કારની બાળાઓ દ્વારા ભાઈ–બહેનના હેતનાં ગીતો ગવાયા યંગસ્ટાર ઓફ નવસારી ના પ્રમુખશ્રી એ સંસ્થાની પ્રવૃત્તિનો ચિતાર આપ્યો અને શ્રી મહેન્દ્રભાઈ દરબારે કીકુબાપાને યાદ કરી પોતાના સંસ્મરણો તાજાં કર્યાં અને યંગસ્ટાર પરિવાર અને ગાંધીઘર કછોલી પરિવારનો આભાર વ્યકત કર્યો અને બપોરનું ભોજન યંગસ્ટાર પરિવાર તરફથી અને શૈક્ષણિક કીટ અર્પણકરી એજ રીતે લાયન્સ કલબ ઓફ આંતલિયાના પ્રમુખશ્રી દ્વારા સંસ્થા પરિવાર પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી અને આ પ્રસંગે બે(૨ સ્ટોરવેલ) કબાટ અર્પણ કર્યા.

➤ **ગાંધીઘર કછોલી ખાતે ૭૧મા સ્વાતંત્રદિન ની ઉજવણી શાનભેર થઈ** સમગ્ર દેશનો રાષ્ટ્રીય પર્વ એટલે સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે ગાંધીઘર કછોલી ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ શ્રીમતી અમીતાબેન એ. પટેલ (તલાવચોરા) ચેરમેન બાંધકામ સમિતિ જીલ્લા પંચાયત નવસારી ના વરદ હસ્તે રાખવામાં આવ્યો.

➤ **વિશ્વ વિકલાંગદિન** નિમિત્તે બીલીમોરા શહેર ખાતે જનજાગૃતિ પ્રચાર માટે રેલીનું આયોજન કર્યુ. ગાંધીઘર કછોલી સંસ્થાના દિવ્યાંગ કુમાર, કન્યા અને કન્યા સંસ્કારના વિદ્યાર્થીઓ દ્વારા અને બીલીમોરા શહેર પ્રમુખ તથા સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ, જલારામ મંદિર ટ્રસ્ટ, ડી.એસ.પી.શ્રી બીલીમોરા, શ્રી મેંગુષી હોસ્પિટલ ના ડૉકટર તથા સ્ટાફ દ્વારા મેંગુષી હોસ્પિટલના પટાંગણમાં પ્રથમ સભા દ્વારા વિશ્વ માનવ વિકલાંગદિનની ઉજવણી નિમિત્તે લોકજાગૃત પ્રચાર–પ્રસાર માટે સંચાલક મનોજકુમારે દિવ્યાંગો પ્રત્યે ની સરકારશ્રીની યોજના ઓનો લાભ લેવા અને સુવિધાયુકત શિક્ષણ લેવા જણાવ્યું હતું ઉપરોકત તમામ હોદ્દેદારો એ આ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. અને રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. શહેરના મુખ્ય માર્ગ પર થી પસાર થઈ ને જલારામ મંદિર હોલ ખાતે પૂર્ણ થઈ હતી જલારામ મંદિર ટ્રસ્ટ, બીલીમોરા દ્વારા દરેક ને ભોજન આપવામાં આવ્યું હતું અને બીલીમોરા નગરપાલિકા દ્વારા નાસ્તો અને લીંબુ સરબત નું વિતરણ થયું હતું સાથે ઠાકોરની મિઠાઈ દ્વારા પાણીના પાઉચ અને હોટલ અનુકુલ (જયદેવડેર) દ્વારા ઠંડાપીણા ફેન્ટાનું વિતરણ કરવામાં આવ્યું.

➤ **૫ સપ્ટેમ્બર ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકિષ્નના જન્મદિન** નિમિત્તે ગાંધીઘર કછોલી ખાતે શિક્ષકદિનની ઉજવણી થઈ.

નોર્મલ બાળકોની જેમ જ આ બધિર બાળકો પણ વિવિધ કાર્યક્રમો દ્વારા પોતાનો આત્મવિશ્વાસ કેળવાય એ નિમિત્તે દરેક વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ શિક્ષક, શિક્ષિકા બન્યા હતા અને સ્વયમ્ શાળા સંચાલન કર્યુ જેનો અનેરો આનંદ માણ્યો. અને સાથે સાથે શ્રીમતી બકુલાબેન ધાસવાલા વલસાડ દ્વારા શાળા પરિવાર માટે શિક્ષણ વ્યવસ્થા વિવિધ કાયદાકીય જોગવાઈ શિક્ષણના અનુભવો અંગે માહિતી અને માર્ગદર્શન પુરુ પાડયું હતું.

# Appeal For Donation to Gandhighar Kachholi Deaf and Mute Girl's Complex



As you know, for the last sixty years, Gandhighar Kachholi is busy spreading fragrance in field of social service, education, culture and health. Its main aim is to fight against the deaf and mute children's inferioty complex, avoidance by their family as well as the society. Gandhighar Kachholi also aims at to develop their hidden capabilities. Mahatma Gandhiji gave new strength to women abilities. So as the late Kikubhai Naik, The founder of Gandhighar Kachholi ,tried his best to bring the deaf and mute children to the school at Gandhighar Kachholi. He gave them adequate education, inspiration and prepared them to live their normal life. He gave them love and warmth, and restlessly worked for their education, inability and new hopes. Thus, the deaf and the mute, hundreds of disabled children could achieve new hopes, new light and healthy life. The late shri Kikubhai Devoted his whole life for the betterment of these helpless, poor, deaf and mute children, All this was made possible and is **still possible by the generous donation, offered by the persons like you.**

Just think, how miserable and painfull our life would be, if we have such helpless child. The idea itself is shocking ! isn't it ? The disabled children are considered burdensome to their parents and society ; so they are dishonored and neglected by their parents and society. But, keeping aside their defects and disabilities, if they are given love, care, honour and proper

education, they can grow up and develop themselves as normal, healthy children.

Gandhighar has become successful in providing them adequate opportunity to grow up and live normal life. About Two thousand children are now living and working as normal person. They are now standing, on their own feet, doing normal activities and can live independently. Looking at the nurtur and training of such children, our frigid humanity melts and begins to flow towards the disables. Their gloomy faces blossom like red roses ! When we look at their grown up personality, Our hearts leap up with pure joy and true happiness. **Your generous donation will surely help them, will inspire them to live firmly and honourably.** In the nourishing atmosphere of Gandhighar, These children forget their discomfort and disability . They now look at the pleasant, happy tomorrow. Aspecialy, here the deaf and mute girls prepare themselves as future able mothers, giving birth to the healthy, normal child who can be usefull to the society. All this was possible, and is still possible with your helping hand.

In Gandhighar , the girls complex is over crowded. It is inconvient and unhealthy for the girls, residing there. The Gandhighar Kachholi is the Only one big complex in the western India. 85 % of girls students come from backward, poor class. We think, these girls should be given ample place and healthy facilities to grow with strong wings to fly high in the open sky. So they should be given sufficient opportunity to develop themselves. At present, in the north of Gandhighar, a new complex is taking shape on the big area. The governor of Gujarat has done "The Bhoomi pujan" of the girl's school. **For this building, we are eagerly waiting for your generous donation.**

Perhaps, you may think "What shall I get from giving donation to this work?" This type of idea is common. But think that this is the act of humanity. Should we not try to wipe out tears of the eyes of the helpless children ? If we hope, we can make their faces smiling and shining. By the grace of God, We are born as human being, blessed with easy, pleasant normal life. Now let us try to help these unblessed children. So that they can live their pleasant, normal life. You are blessed with God's love and mercy. **Now , let these hopeless, poor children be blessed by you with your kind, helping hand.**

Your donation is the mirror of your tender, loving and kind heart. God is pleased with your generosity and helping hand. He conveys blessing to you for your noble deed. Your pious feelings and noble thoughts, indicate your heart's tenderness and broad mentality. Your act of humanity and love for generosity make your life pleasant and happy. May God ever shower, peace, prosperity and pleasure for ever ! **The progress of deaf and Mute children is the prosperity of our social life. So, come and hold the hands of these neglected children.** Thank You.

Mr.
Balvantrai Naik.
President
Gandhighar kachholi.

### ગાંધીઘર કછોલી સંચાલિત

# જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર

નયનરમ્ય હરિયાળી વચ્ચે સકારાત્મક ઊર્જા અને પ્રાણવાયુથી ભરેલા વાતાવરણમાં ભારતીય શાસ્ત્રોની અમુલ્ય ભેટ એવા આયુર્વેદ અને કુદરતી ઉપચાર પદ્ધતિથી અપાતી અનેક સારવારો જે આપના તન–મનને સ્વસ્થ બનાવી તાજગી આપનાર પૂરવાર થશે.

• બોડી મસાજ • કેરાલીયન થેરેપી (શિરોધારા) • મડ બાથ (માટી સ્નાન) • સ્ટીમ બાથ (વરાળ સ્નાન) • એક્યુપ્રેશર

• યોગ–પ્રાણાયામ જેવી આડ અસર રહિત અનેક ચિકિત્સા પદ્ધતિઓનો ઉપયોગ કરી. **ડાયાબીટીસ – પેરાલીસીસ–બ્લડ પ્રેશર–હૃદય રોગ–સ્થુળતા–સાંધાના દુઃખાવા – વા – જેવા હઠીલા રોગો**ના ઉપચાર કરવામાં આવે છે. સાથે સાથે **ડિપ્રેશન–માનસિક તણાવ–એસીડીટી–કબજીયાત–ગેસ–અપચો–ભૂખ ન લાગવી – ઉંઘ ન આવવી જેવા અનેક રોગો** માટે નિષ્ણાત ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ અનુભવી ચિકિત્સકો દ્વારા સારવાર આપવામાં આવે છે. **એન. આર. આઈ. તેમજ બહારગામથી આવનાર દર્દીઓ માટે A.C. રૂમો નિવાસી રૂમો તેમજ ભોજનની સગવડ પણ ઉપલબ્ધ છે. ફોન : (૦૨૬૩૪) ૨૭૦૭૫૯, ૨૭૨૨૫૯ - Ext. - 30**

વિશ્વના વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે સ્વસ્થ અને નિરોગી શરીરમાંજ સ્વસ્થ મન રહે છે. અને તન–મન બંને જો સ્વસ્થ હોય તો જ સુખી જીવન શકય છે.


## ગાંધીઘર કછોલી ટ્રસ્ટી મંડળ

• **શ્રી બળવંતરાય જી. નાયક** – પ્રમુખ – ગાંધીઘર કછોલી

• **શ્રી અનિલભાઈ નાયક** – ઉપ પ્રમુખ – કછોલી
• **ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ** – મંત્રી – બીલીમોરા
• **શ્રી અતુલભાઈ અજમેરા** –ટ્રસ્ટી – મુંબઈ
• **શ્રી શરદભાઈ પટેલ** –ટ્રસ્ટી – મુંબઈ
• **શ્રી સુરેશભાઈ પટેલ** –ટ્રસ્ટી – ખડસુપા
• **શ્રી સુરેશચંદ્ર દેસાઈ** –ટ્રસ્ટી – બીલીમોરા
• **શ્રી જીતુભાઈ ભક્ત** –ટ્રસ્ટી – નનસાડ
• **હીના મીલર** –ટ્રસ્ટી – કછોલી
• **શ્રી નટવરભાઈ પટેલ** –ટ્રસ્ટી – નાંદીડા


## ગાંધીઘર કછોલી ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

• કન્યા સંસ્કાર મંદિર (પછાત વર્ગ કન્યા છાત્રાલય)
• ડા.ગો. સાર્વજનિક દવાખાનું અને મ.ભી. પ્રસુતિગૃહ
• ગાંધીજીવન દર્શન – પ્રદર્શન.
• બ. અને ઈ. નાયક બહેરાં– મુંગાની શાળા.
• દેવબાળ કુમાર છાત્રાલય
• દેવબાળ કન્યા છાત્રાલય
• ઠા.હ. પટેલ બાલમંદિર
• ધ.ખુ. પટેલ આદિવાસી બાલવાડી
• ગ.કી. નાયક બધિર કન્યા વિદ્યાલય
• શ્રી મોરારજી દેસાઈ કુદરતી ઉપચાર, પ્રચાર અને સંશોધન
• કેન્દ્ર, પિરામીડ ઉપચાર – પ્રચાર અને સંશોધન. રોટરી કોમ્પ્યુટર સેન્ટર ડી.ટી.પી. તાલીમ વર્ગ
• (આઈ.ટી.આઈ. માન્યતા પ્રાપ્ત) ફક્ત બધિરો માટે ગૌ શાળા • જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર
• વિકલાંગ પુનઃ વસન અને માર્ગદર્શન કેન્દ્ર
• સંમિલિત શિક્ષણ (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગાંધીનગર)
• બ. અને ઈ. નાયક બહેરાં–મુંગાની શાળા (માધ્યમિક – નોન ગ્રાન્ટેડ)
• ગ. કી. નાયક બધિર કન્યા વિદ્યાલય (માધ્યમિક – નોન ગ્રાન્ટેડ)
• ગાંધીઘર કછોલી સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શાળા (મિશ્ર) નોન ગ્રાન્ટેડ.


**પ્રકાશક : માલિક : પ્રમુખશ્રી બળવંતરાય જી. નાયક**
**ગાંધીઘર કછોલી, મુ.પો. કછોલી, રે. સ્ટે. અમલસાડ (પ.રે.) તા. ગણદેવી,**
**જિ. નવસારી. પીન : ૩૯૬ ૩૭૦. ફોન : (૦૨૬૩૪) ૨૭૨૨૫૯, ૨૭૦૭૫૯**
**તંત્રીશ્રી : ડૉ. ઈશ્વરચંદ્ર એમ. દેસાઈ, ગૌતમ એપાર્ટમેન્ટ, બીલીમોરા. ફોન (૦૨૬૩૪) ૨૮૪૦૬૮**
**મુદ્રક : શ્રી ક્રિષ્ના ગ્રાફિક્સ, બીલીમોરા, મો.: ૯૯૨૫૧૦૦૬૬૩, ૯૯૭૯૬૭૦૬૭૫**


**નોંધ : આ અંકને આપ હમારી વેબસાઈટ (www.gandhigharkachholi.com) ઉપર વાંચી શકશો.**